આઝાદી કા અમૃત મહોત્સવ

જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ) ની કચેરી
જુની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત
ફોન/ફેક્સ : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com

નં.જિનાનિ/વિ.જા/NSP/૨૦૨૨-૨૩/૮૩૭

તાત્કાલીક /ખાસ જરૂરી

તા.૦૪/૦૮/૨૦૨૨

**PM YASASVI**

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિલ્લો-સુરત.

વિષય:-કેન્દ્ર પુરસ્કૃત PM YASASVI અમ્બ્રેલા યોજના હેઠળની Top Clas School Education for OBC,EBC and DNT Students બાબત (વર્ષ ૨૦૨૨-૨૩)
**(Website: https://yet.nta.ac.in)**

જય ભારત સહ જણાવવાનું કે, કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા અન્ય પછાત વર્ગ (OBC) , આર્થિક રીતે પછાત વર્ગ (EBC), અને વિચરતી વિમુક્ત (DNT) જાતિના વિદ્યાર્થીઓ માટે PM Young Achievers Scholarship Award Scheme for Vibrant India (YASASVI)) Umbrella Scheme હેઠળની Top Class School Education for OBC,EBC and DNT Students યોજના વર્ષ ૨૦૨૨-૨૩થી અમલ કરવાનો થાય છે. ઉક્ત યોજના અંતર્ગત સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા પસંદ થયેલ સંસ્થા/શાળાઓની યાદી મુજબના (યાદી http://yet.nta.ac.in) ધો.૯ થી ૧૨માં અભ્યાસ કરતા અન્ય પછાત વર્ગ (OBC) , આર્થિક રીતે પછાત વર્ગ (EBC) અને વિચરતી વિમુક્ત (DNT) જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓના માતા-પિતાની તમામ સ્ત્રોતની વાર્ષિક આવક ૨.૫૦ લાખથી વધુ ન હોય તેવા ધો. ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.૭૫,૦૦૦/- અને ધો.૧૧ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.૧,૨૫,૦૦૦/- શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે.

ઉક્ત યોજના હેઠળ શિષ્યવૃતિ મેળવવા માટે મંત્રાલય દ્વારા વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે National Testing Agency(NTA) દ્વારા તા.૧૧-૦૯-૨૦૨૨ના રોજ ૭૮ શહેરોમાં Computer Based Test (CBT) પરીક્ષા National Entrance Test for YASASVI ENTRANCE TEST (YET) 2022 યોજાનાર છે. વર્ષ ૨૦૨૨-૨૩ પસંદ થયેલ શાળા/સંસ્થામા અભ્યાસ કરતા ધો.૯ અને ૧૧ના અન્ય પછાત વર્ગ (OBC), આર્થિક રીતે પછાત વર્ગ (EBC) અને વિચરતી વિમુક્ત (DNT) જાતિના વિદ્યાર્થીઓએ તા.૨૭-૦૭-૨૦૨૨ થી તા.૨૬-૦૮-૨૦૨૨ના સુધીમાં NTA Portal પરની https://yet.nta.ac.in વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ યોજના અંતર્ગત પરીક્ષાનો અભ્યાસક્રમ, પાત્રતા, પરીક્ષા કેન્દ્રના શહેરો તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા માન્ય થયેલ સંસ્થા/શાળાઓની યાદી અને પરીક્ષાને



જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
નંબર :-

લગત માહિતી https://yet.nta.ac.in વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જે મુજબ સમયમર્યાદામાં ઘટીત કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

( આર.ડી.બલદાણીયા )
જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) સુરત

<u>નકલ સવિનય જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના</u> :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ આપના તાબા હેઠળની શાળા/સંસ્થાઓને જાણ કરવા અને કચેરીની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.

<u>નકલ સવિનય જાણ સારૂ રવાના</u> :-

(૧) માનનીય નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.